જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત
ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા/પરિપત્ર/૨૦૨૧-૨૨/૧૮૮૪ તા. ૧૮/૧૦/૨૦૨૧

**ફકત સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ માટેજ**
**ધોરણ ૧ થી ૧૦ શિષ્યવૃત્તિ, ધોરણ ૧ થી ૮ ગણવેશ સહાય અને ધોરણ ૯ કન્યાની સાયકલ માટે**

**પ્રતિ,**
(૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિ. સુરત.
(૨) આચાર્યશ્રી, તમામ માધ્યમિક શાળાઓ જિ. સુરત.

**વિષય:-** વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય અને સરસ્વતી સાધના યોજનાની દરખાસ્ત કરવાની બાકી શાળાઓએ તાત્કાલિક ઓનલાઇન દરખાસ્ત મોકલી આપવા બાબત.

શ્રીમાન

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, રાજય સરકાર/ ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત S.E.B.C., E.B.C., MINORITY, NTDNT, MOST BACKWORD CLASSES ના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય અને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાયની દરખાસ્ત ઓનલાઇન મોકલી આપવા માટે અત્રેની કચેરીના અલગ અલગ પરિપત્રોથી જણાવેલ છે. તેમ છતાં કેટલીક શાળાઓની **પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય અને સરસ્વતી સાધના** યોજનાની દરખાસ્ત મળેલ નથી

**વિકસતી જાતિ કલ્યાણ ખાતુ. ગાંધીનગરના મળેલ મેસેજ-સુચના** મુજબ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ ધોરણ ૧ થી ૧૦, ગણવેશ સહાય ધોરણ ૧ થી ૮ અને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાય ધોરણ ૯ ની કન્યાઓની **દરખાસ્ત બાકી શાળાઓની** ઓનલાઇન દરખાસ્ત મેળવી તા.૧૫/૧૧/૨૦૨૧ સુધીમાં ૧૦૦% કામગીરી પુર્ણ કરવા સુચના મળેલ છે. જે ધ્યાને લઇને ઓનલાઇન દરખાસ્ત કરવાની બાકી રહેલ સરકારી/ગાન્ટ ઇન એઇડ પ્રાથમિક/ માધ્યમિક શાળાઓએ સમય મર્યાદામાં તા. ૧૦/૧૧/૨૦૨૧ સુધીમા **વિના વિલંબે** ઓનલાઇન દરખાસ્ત મોકલી આપવા જણાવવામા આવે છે. સમય મર્યાદામાં ઓનલાઇન દરખાસ્ત ન થાય અને કોઇ વિદ્યાર્થી સહાયથી વંચિત રહી જશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળા/ સંસ્થાના આચાર્યશ્રીની રહેશે. જે ધ્યાને લઇ ટોચ અગ્રતા આપી શિષ્યવૃત્તિ/ગણવેશ અને સાયકલની બાકી દરખાસ્તો સમય મર્યાદામા મોકલી આપવા વિનંતી છે.

વધુમા સરસ્વતી સાધના યોજનાની દરખાસ્તમા કેટલીક શાળાઓ **આવકનો દાખલો અને જાતિ અંગેનો પુરાવો બોનોફાઇડ અપલોડ કર્યા વગર મોકલી આપે છે**, આ પ્રમાણે મળેલ દરખાસ્ત અત્રેથી પરત કરવી પડે છે, તો આવકનો દાખલો અને જાતિ અંગેનો પુરાવો અપલોડ કરીને જ સાયકલની દરખાસ્ત ઓનલાઇન મોકલી આપવા જણાવવામા આવે છે.

**જીલ્લા નાયબ નિયામક**
**વિકસતી જાતિ, સુરત**

**નકલ સવિનય જાણ સારૂ રવાના:**
૧. માનનીય કલેકટરશ્રી, સુરત, જિલ્લા સેવા સદન - સુરત
૨. માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત, જિલ્લા પંચાયત ભવન- સુરત.
૩. માનનીય નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર.

પાછળ

Scanned by CamScanner

**નકલ સવિનય જાણ તથા આપના નિયંત્રણ હેઠળની શાળા/સંસ્થાઓને જરૂરી સૂચના આપવા સારુ :**

૧. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લાસેવા સદન, સુરત તરફ જાણ તથા ઉક્ત પરિપત્ર અન્વયે આપના નિયંત્રણ હેઠળની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળા/ સંસ્થાઓને શિષ્યવૃત્તિની કામગીરી સમયમર્યાદામાં પૂરી કરવા તથા આપના તરફથી યોજાનાર આચાર્યશ્રીઓ/કર્મચારીશ્રીઓની માસિક મીટીંગના એજન્ડામાં ઉક્ત મુદ્દાની કામગીરી અંગે આપની કક્ષાએથી જરૂરી સુચના થવા તેમજ **<u>વેબસાઇટ પર મુકવા</u>** વિનંતી.

૨. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી, સુરત તરફ જાણ તથા ઉક્ત પરિપત્ર અન્વયે આપના નિયંત્રણ હેઠળની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ શાળા/ સંસ્થાઓને શિષ્યવૃત્તિની કામગીરી સમય મર્યાદામાં પૂરી કરવા આપના તરફથી યોજાનાર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ બી.આર.સી./ સી.આર.સી. ની માસિક મીટીંગના એજન્ડામાં ઉક્ત મુદ્દાની કામગીરી અંગે આપની કક્ષાએથી જરૂરી સુચના થવા તેમજ **<u>વેબસાઇટ પર મુકવા</u>** વિનંતી છે.

૩ સાશનાધિકારીશ્રી, સાશનાધિકારી કચેરી, સુરત તરફ જાણ તથા ઉક્ત પરિપત્ર અન્વયે આપના નિયંત્રણ હેઠળની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ શાળા/ સંસ્થાઓને શિષ્યવૃત્તિની કામગીરી સમય મર્યાદામાં પૂરી કરવા આપના તરફથી યોજાનાર સુરત શહેરની પ્રાથમિક શાળાની માસિક મીટીંગના એજન્ડામાં ઉક્ત મુદ્દાની કામગીરી અંગે આપની કક્ષાએથી જરૂરી સુચના થવા તેમજ **<u>વેબસાઇટ પર મુકવા</u>** વિનંતી છે.

Scanned by CamScanner